R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 19 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH AUGUST 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




आज़ादी का अमृत महोत्सव

With Best Compliments from:

**MICROFINISH**

**Pumps • Valves • Automation**




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# સામાન્ય વીમા વ્યવસાય ક્ષેત્રે

## ઉત્તરોત્તર પ્રગતિ કરતી ત્રણ પેઢી

પ્રથમ પેઢી | બીજી પેઢી | ત્રીજી પેઢી



શા. રતનશી કેશવજી કારાણી



શા. રાયચંદ રતનશી કારાણી



નરેન રાયચંદ કારાણી



યશોધન રાયચંદ કારાણી



દિપક રાયચંદ કારાણી

**ગામ : કચ્છ - સુથરી** **Karani** **હાલે : મુંબઈ - મુલુંડ**

## સામાન્ય વીમા વ્યવસાય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરતી ત્રીજી પેઢીનો દબદબો જળવાઈ રહ્યો છે

સામાન્ય વીમો એ ધંધા વ્યવસાય માટે ખૂબજ જરૂરી છે. સાથોસાથ કુદરતી આપદા, અસામાન્ય પરિસ્થિતિને કારણે આવતી આફત, અકસ્માત કે નુકસાનીથી બચવા વીમાનું રીસ્ક કવર હોવું જરૂરી છે. આ રક્ષણ જાન માલ, મિલકત, સ્ટોક, ફર્નિચર, ઈલેક્ટ્રોનિક સાધનો વિગેરે સામે હોય. દીર્ઘદ્રષ્ટિ ધરાવતો સાહસિક આ જોખમ પ્રત્યે સજાગ રહીને સચેત થઈને પોતાની આર્થિક નુકસાનીના બચાવ માટે વીમો જરૂર લે છે. લાખો કરોડોના રીસ્ક કવર સામે મામુલી વાર્ષિક પ્રિમિયમ તેને શાંતિ સાથે સુરક્ષા પ્રદાન કરે છે. કોઈપણ આફત જેવી કે આગ, વરસાદ, સુનામી, ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ, મશીનનો ખોટીપો, ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટ કરતાં સમયે માલની ચોરી કે નુકસાની, રોડ એક્સીડન્ટ વિગેરે જોખમોની સામે રક્ષણ મળે એ માટે વીમો લેવો જરૂરી છે. આ બાબતે ધ્યાન રાખનાર ક્યારે પણ નુકસાની ભોગવતો નથી. એટલે વેપાર અને વીમો એકબીજા સાથે સંલગ્ન છે. જે ક્યારે છૂટા પાડી શકાય નહીં.




સન ૧૯૪૬માં સ્ટાન્ડર્ડ જનરલ એસ્યોરન્સ કંપની લિ.ની મુંબઈ શાખા ખાતે ઈન્સ્યુરન્સ કંપનીના પ્રતિનિધિઓ અને વીમા દલાલોના ગ્રુપ સાથે પ્રથમ પેઢીના શા. રતનશી કેશવજી કારાણી

નવ દાયકાથી સામાન્ય વીમા વ્યવસાયમાં આજે ત્રીજી પેઢી હોવાના કિસ્સા ભાગ્યે જ જડે. આ ગૌરવ શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના, ગામ સુથરીના, હાલ મુલુંડ-મુંબઈના કારાણી બંધુઓ-નરેન રાયચંદ કારાણી, યશોધન રાયચંદ કારાણી અને દિપક રાયચંદ કારાણીને પ્રાપ્ત છે. સામાન્ય વિમા ક્ષેત્રે સફળ, પ્રતિષ્ઠિત, લોકપ્રિય અને મોખરાનું સ્થાન ધરાવે છે.

૯ દાયકા અગાઉ આઝાદી પહેલા વર્ષ ૧૯૩૬થી સ્વીડીશ કંપની SKANDIA અને અમેરિકન કંપની AFIA તથા HOME INSURANCE સાથે, રાષ્ટ્રીયકરણ વિલીનીકરણ બાદ વર્ષ ૧૯૭૨માં પબ્લિક સેક્ટર બન્યા પછી UNITED INDIA તથા NATIONAL INSURANCE સાથે અને IRDA ની ઉદારીકરણ નીતિ હેઠળ વર્ષ ૨૦૦૦ બાદ IFFCO TOKIO, TATA AIG, GO DIGIT INSURANCE સાથે આ ત્રીજી પેઢી "INSURANCEKHOJ.COM" નામથી કાર્યરત છે.

જન્મભૂમિ કચ્છ-સુથરીથી કર્મભૂમિ મુંબઈ આવ્યા બાદ વર્ષ ૧૯૩૬માં શા. રતનશી કેશવજી કારાણીએ મુંબઈમાં ઈન્સ્યુરન્સ એજન્ટ તરીકે વ્યવસાયના શ્રી ગણેશ કર્યા. તત્સમયે પ્રથમ વીમા પોલિસી કૃષિ સંબંધિત હતી. એ સમયે કપાસનો વીમો, મશીનરી કવરેજનો વીમો ઉતારવા માટે માર્કેટીંગ કરવામાં આવતું હતું. સમય જતાં ઓટોમોબાઈલ વીમાનો કાયદો પસાર થતાં કાર વીમો પણ પોર્ટફોલિયોમાં ઉમેરવામાં આવેલ. પ્રવર્તમાન સમયે ઓટોમોબાઈલ ઈન્સ્યુરન્સ ૭૦ ટકા સુધી પહોંચ્યો છે.



ઈન્સ્યુરન્સ કંપનીના ભોજન તથા એવોર્ડ સમારંભમાં પ્રથમ પેઢીના શા. રતનશી કેશવજી અને બીજી પેઢીના શા. રાયચંદ રતનશી કારાણી

## વીમા વ્યવસાયમાં ઘણા ફેરફારો થયા છે, પરંતુ ઉદ્દેશ વીમા સુરક્ષા જ છે

આ વ્યવસાયમાં કારાણી પરિવારની બીજી પેઢી કાર્યરત થઈ. શા. રાયચંદ રતનશી કારાણીએ સમયાનુસાર કોમ્યુનિકેશન ચેનલ ફોન કોલ્સ અને વધુમાં વધુ ટાઈપરાઈટરનો ઉપયોગ કરી વ્યવસાયને વિકસાવ્યો. વીમા પોલીસી, તેની રસીદો કાગળ પર રેકોર્ડ રાખવા માટે ઉપયોગ થતો આવ્યો. પણ આ પદ્ધતિ ઘણા વર્ષો સુધી વાસ્તવિકતા બની રહી. વીમા વ્યવસાયની સાથે સાથે સામાજીક જીવનમાં તેઓ શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડમાં સ્થાપનાથી આજીવન સેવારત રહ્યા હતા. તદુપરાંત માદરે વતન કચ્છ-સુથરી ગામના જૈન સંઘની વિવિધ સંસ્થાઓમાં આજીવન ટ્રસ્ટીપદે રહી સચોટ, કુનેહપૂર્વક સંચાલન કર્યુ હતું.





વિવિધ વીમા કંપનીઓ દ્વારા કારાણી પરિવારનું સન્માન કરી આપવામાં આવેલ એવોર્ડની ઝલક

## આજે ત્રીજી પેઢી વર્ષ ૨૦૦૦થી insurancekhoj.com™ નામે વ્યવસાયને આગળ વધારી રહી છે. ત્રણ બંધુઓ એક સૂત્ર થઈ વ્યાપાર ગતિને વેગ આપી રહ્યાં છે

જેમ જેમ ધંધો વધતો ગયો તેમ તેમ સુવિધાઓનો વિસ્તાર કરવો જરૂરી હતો. પ્રથમ પગલું એ કોમર્શિયલ પ્લેસમાં જગ્યા ખરીદવાનું હતું. મુલુંડના દેવીદયાલ રોડ પર બીપીએસ પ્લાઝા-તે જ બિલ્ડીંગ કે જ્યાં આજે પણ ઓફિસ આવેલી છે. સમય વીતી ગયો અને બીજી ઓફિસોએ પણ અલગ-અલગ રાજ્યોમાં વિસ્તરણ કર્યું. જેનો વ્યાપ મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને કર્ણાટક રાજ્યમાં છે. આજે નેટવર્ક ઘણું મોટું છે અને તેનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે, પરંતુ તેના સંચાલકો હજુ પણ કારાણી પરિવાર છે. આજે આ પરિવારની ત્રીજી પેઢી આ ઓફિસથી સંચાલન કરે છે. સ્થાપકના ત્રણ પૌત્રો (નરેન, યશોધન અને દીપક) અને અન્ય છ કર્મચારીઓની મુખ્ય ટીમ ઓફિસમાં બેઠા બેઠા ગ્રાહકોને ઉત્તમ અને સમયબદ્ધ સર્વિસ આપી વ્યવસાયને આગળ ધપાવી રહી છે.

શ્રી નરેનભાઈ કારાણીએ National Insurance Co.માં વિકાસ અધિકારી તરીકે ત્રણ દાયકા ફરજ બજાવી, વર્ષ ૨૦૦૪માં વીઆરએસ લઈ પારિવારિક ફર્મમાં જોડાયા.

આ ૯ દાયકાઓ-લાંબા ઈતિહાસના મૂળમાં પણ ઈનોવેશન છે. જો તેમણે દેશે અનુભવેલી દરેક નવી વાસ્તવિકતા સાથે અનુકૂલન ન કર્યું હોત, તો તેઓ ૯ દાયકાની સફર પાર કરી શક્યા ન હોત. નરેન કારાણીને યાદ છે કે ઓફિસમાં પ્રથમ કોમ્પ્યુટર અને ડોટ મેટ્રીક્સ પ્રિન્ટર ક્યારે ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું. ત્યાં સુધી, ટાઈપરાઈટર અને કાગળની રસીદોના ઉપયોગ તેમના ગ્રાહકો, ચૂકવણી અને તેમના દાવાનો રેકોર્ડ રાખવા માટે કરવામાં આવતો હતો. આજે આ અકલ્પ્ય છે. પરંતુ તે

ઘણા વર્ષો સુધી વાસ્તવિકતા હતી. કુદરતી આફતો જેમ કે, કચ્છના કંડલા ખાતે ગોઝારા વાવાઝોડા (૧૯૯૮), ભુકંપ (૨૦૦૧) અને મુંબઈને ધમરોળનાર વરસાદ (૨૦૦૫) વખતે અનેક વ્યવસાયો, ઉદ્યોગોને થયેલ નુકશાન વખતે ખડેપગે સમર્પિત ભાવથી માર્ગદર્શન કરીને દાવાઓનો ઝડપી નિકાલ કરવામાં અવ્વલ નંબરે રહ્યા હતા. તે ઉપરાંત દરરોજ નિયમિતપણે વાહન અને હૉસ્પિટલના કેશલેસ દાવાની સંતોષકારક રીતે ચુકવણી નિશ્ચિત કરાવવામાં આવે છે.

શ્રી યશોધનભાઈ કારાણીએ ઔદ્યોગિક, દુકાન, ગોદામ, કામદાર વળતર, કોન્ટ્રાક્ટ, પ્રોજેક્ટ વીમા વિગેરેના સ્પેશ્યિાલિસ્ટ તરીકે નેતૃત્વ લીધું. તેઓ ૨૦૧૬થી આજ સુધી અરિહંત કો.ઓ.બેંક લિમીટેડ મુંબઈના ડાયરેક્ટર, વર્ષ ૨૦૧૮ થી શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. એ ઉપરાંત કચ્છ તેમજ મુંબઈની વિવિધ જ્ઞાતિ અને સમાજની સંસ્થાઓ સાથે ગાઢપણે સંકળાયેલા છે.

આ ૯૦ વર્ષોમાં થયેલા ફેરફારો ખૂબ જ નોંધપાત્ર રહ્યા છે. ક્લાયન્ટ્સ સાથે વાતચીત કરવાની રીત અથવા માર્કેટીંગ કરેલી પ્રોડક્ટસ થોડા વર્ષો પહેલાની તુલનામાં ઘણી દૂર થઈ ગઈ છે, પરંતુ સાર એ જ છે વીમાનું રક્ષણ. Karani આ સંદર્ભમાં બદલાયું નથી. ગ્રાહક દરેક પ્રક્રિયાના કેન્દ્રમાં હોય છે, પછી ભલે તે ગમે તેટલા મેન્યુલ હોય. યશોધન કારાણી જણાવે છે કે, અમે વ્યવસાયને સમય સાથે અનુકૂલિત કરી રહ્યાં છીએ, જો કે અમારે હજુ લાંબી મંજલ કાપવાની છે. પરિવર્તનની ગતિ નોંધપાત્ર છે અને તેનો અર્થ એ છે કે આપણે આગળ વધવા માટે તૈયાર રહેવું પડશે, કારાણી પરિવારની સામાન્ય વીમા ઉદ્યોગમાં એક આઈકોન તરીકેની છબી હોવાના ૯ દાયકા એ લાંબા ઈતિહાસની ગૌરવભરી વાત છે. જે આવનારા દાયકાઓ સુધી ચાલુ રહેશે, કારણ કે ત્રીજી પેઢી આ વારસાને ચાલુ રાખવા માટે કાર્યાલયમાં પહેલેથી જ કામ કરી રહી છે.

શ્રી દિપકભાઈ કારાણી વાહન વીમા, કમર્શિયલ Fleet ઓનર્સ, વ્યક્તિગત તથા સમુહ આરોગ્ય ઈન્સ્યુરન્સ, મેડીક્લેમ, ટ્રાવેલીંગ ઈન્સ્યુરન્સના એક્ષ્પર્ટ છે. આમ ત્રણેય સહોદરો વિવિધ કાર્યક્ષેત્રોમાં એક્ષ્પર્ટ તરીકે નેતૃત્વ લઈ ઈન્સ્યુરન્સ સર્વિસમાં મોખરે રહ્યાં છે.

આ વર્ષોમાં ફેરફારો ખૂબ જ ગહન હતા, કારણ કે આ સ્થાનિક કાર્યાલયના સ્થાપકના પૌત્રોમાંના એક દિપક કારાણી યાદ કરે છે. મારા પિતાના સમયમાં કોમ્યુનિકેશન ચેનલ ટાઈપરાઈટર હતું અને વધુમાં વધુ થોડા ફોન કોલ્સ. ધંધા માટે શેરીઓમાં જવું પડ્યું. તેઓ ગ્રામ્ય વિસ્તારો, ગામડાંઓ, દુકાનોમાં ગયા. આજે એ બધું બદલાઈ ગયું છે. ગ્રાહકો જે અમને અમારી કામ કરવાની રીતને અનુકૂલિત કરવા પ્રેરિત કરે છે. આજે ઓફિસમાં રૂબરૂ સેવા ઓછી થઈ ગઈ છે પરંતુ અમારી પાસે ગ્રાહકો સાથે વાતચીત કરવાની અન્ય રીતો છે. ઉદાહરણ તરીકે Whats App, Google Meet, MS Teams અને Zoom જેવા ડિજીટલ મીટીંગના નવા પ્રકારો પણ સામેલ કર્યા છે.

સ્થાપકના પૌત્રોને યાદ છે કેટલાક ગ્રાહકો કે જેઓ ૮ દાયકાથી આજે પણ સાથે છે. આવા વફાદાર ગ્રાહકો કે જેઓ અમારી ઓફિસના શ્રેષ્ઠ એમ્બેસેડર છે અને તેમના બાળકો અને પૌત્રો માટે શ્રેષ્ઠ પ્રભારી છે. સેવાની ભાવના અને દરેક સમયે ગ્રાહકને ટેકો આપવો એ આ કારાણી પરિવારની લાક્ષણિકતા દર્શાવે છે.

છેલ્લા બે દાયકામાં insurancekhoj.com ગ્રુપે IFFCO TOKIO, TATA AIG અને GO DIGIT INSURANCE આ ત્રણે ઈન્સ્યુરન્સ કંપનીમાં દેશની ટોચની પાંચ કોર્પોરેટમાં નામાંકિત થયા છે. રૂબરૂ જઈને ગ્રાહકોને સમજાવવું, લાંબી વાતચીત કરીને નફા નુકસાનીનો ખ્યાલ આપવો એ બધું હવે પરિવર્તિત થઈ ગયું છે. ગ્રાહકો સાથે વોટ્સએપ દ્વારા ઝૂમએપ પર, ગુગલ મિટ, MS ટીમ ગ્રાહકોને મળવાનો



દિલ્હી ખાતે વર્ષ ૨૦૦૭માં IFFCO TOKIO General Insurance Co. Ltd. ની કોર મેનેજમેન્ટ ટીમ તરફથી નરેન કારાણી અને દીપક કારાણીને સ્મૃતિચિહ્ન એનાયત




લંડન ખાતે ટોકીયો મરીન ગ્લોબલની ઓફિસની મુલાકાતે યશોધન કારાણી સાથે શ્રી યશેષ સંપટ - CII India Goodwill Ambassador



મુંબઈ ખાતે ફંક્શન દરમ્યાન યશોધન કારાણી સાથે Edelweiss Tokio Life Insurance Co. Ltd. ના ચેરમેન શ્રી રશેષ શાહ



સ્વિત્ઝરલેન્ડ ખાતે એવાર્ડ ફંક્શનમાં યશોધન કારાણી સાથે Tata Aig General Insurance Co. Ltd. ના MD&CEO શ્રી નિલેશ ગર્ગ, શ્રી પરાગ વેદ અને શ્રી જયેશ ખત્રી



ઈન્સ્યુરન્સ ખોજ મુલુંડ ઓફિસની મુલાકાતે Go Digit General Insurance Ltd. ના ચેરમેન શ્રી કામેશ ગોયેલ અને શ્રી અતુલ મહેતા



પેરીસ ખાતે વર્ષ ૨૦૧૯ના એવોર્ડ ફંક્શનમાં કારાણી પરિવારના સભ્યોને IFFCO TOKIO General Insurance Co. Ltd. તરફથી સ્મૃતિચિહ્ન એનાયત

નવો પ્રકાર અપનાવ્યો છે અને NEFT/RTGS/UPI દ્વારા તત્કાલ પ્રીમિયમ ચૂકવણી થઈ જાય છે.

૯૦ વર્ષનો દીર્ઘ સમય ઈન્સ્યુરન્સ વ્યવસાયમાં વીતાવ્યા પછી અને ત્રણ ત્રણ પેઢીના પુખ્ત અનુભવ પછી કારાણી પરિવાર આ ક્ષેત્રમાં અવલ સ્થાન ધરાવે છે. ગ્રાહકોને ઉત્તમ અને વિશ્વાસપાત્ર ઉચ્ચ ધોરણની સેવા આપી ગ્રાહકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. જમાનાને અનુરૂપ ટેક્નોલોજીના ઉપયોગથી આ વ્યવસાયમાં તેઓ અવલ સ્થાન ધરાવે છે.

Insurancekhoj.com ના આદ્ય સ્થાપક સંચાલકોએ આજ સુધી ઓછામાં ઓછું રૂા.૧૦નું અને વધુમાં વધુ રૂા.૩.૫૦ કરોડની પ્રિમીયમ કલેક્ટ કર્યુ છે. વ્યક્તિગત, પ્રોપરાઈટર ફર્મ, લિમીટેડ કંપની, સમૂહ વીમા સિવાય જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો, વિવિધ પ્રકારના ઈવેન્ટના વીમા કવર કરી લાખો ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે.

આ ગ્રાહકોના સમુદાય સાથે આત્મીય વહેવારથી આજે તેઓએ મુંબઈ ઉપરાંત ગુજરાતમાં માદરે વતન કચ્છ, જામનગર, રાજકોટ-મહારાષ્ટ્રમાં જલગાંવ, પુના, સાંગલી, કોલ્હાપુર-કર્ણાટકમાં બેંગ્લોર, હુબલી વગેરે સ્થળોએ પોતાનો વ્યવસાય વિકસાવ્યો છે.

કચ્છની નર્મદા નહેર, મેટ્રો પ્રોજેક્ટ, એક્સપ્રેસ વે, નેશનલ હાઈવે ઓથોરીટીના વિવિધ હાઈવેના કામોનું તબક્કાવાર કાર રિસ્ક કવર, ભારત-પાક બોર્ડર ફેન્સીંગ જેવા રિસ્ક કવર તેમણે સફળતાપૂર્વક મેળવ્યા છે જેને લીધે વિવિધ વીમા કંપનીઓમાં પણ પોતાની આગવી શાખ જમાવી છે. વીમો વ્યવસાય આજે સમય અને સંજોગોની જરૂરિયાત છે અને દરેક સમયના તબક્કે કારાણી બંધુઓ છલાંગ લગાવવા તત્પર છે.

તેઓ વિવિધ વીમા કંપનીઓ તરફથી દર વર્ષે વિજેતા બની દેશ વિદેશમાં સન્માનિત કરાયા છે. વીમા ઉદ્યોગના પ્રારંભિક સ્થાન લંડનમાં Lloyds Syndicate, Swiss RE અને Tokio Marine Globalની નિયમિત મુલાકાત લેવાનું સૌભાગ્ય મેળવ્યું છે.

તાજેતરમાં દાદર-મુંબઈ ખાતે કારાણી બંધુઓને કચ્છી સમાજનો સર્વોત્તમ એવોર્ડ કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૨૨ અર્પણ કરવામાં આવ્યો હતો. તા. ૨૭ જુલાઈના રોજ GO DIGIT જનરલ ઈન્સ્યુરન્સ તરફથી સહારા સ્ટાર-મુંબઈ ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન એવોર્ડ ફંક્શનમાં અને ત્યારબાદ ૨૯ અને ૩૦ જુલાઈના રોજ TATA AIG જનરલ ઈન્સ્યુરન્સ તરફથી શેરેટોન ગ્રાન્ડ વ્હાઈટફીલ્ડ-બેંગ્લોર ખાતે ભારતભરમાંથી પધારેલ ૪૫૦ થી ૫૦૦ વીમા પ્રતિનિધીઓ વચ્ચે ૨૦૨૧-૨૦૨૨ના નેશનલ ટોપ પર્ફોમન્સમાં દ્વિતીય પદ માટે સ્મૃતિચિહ્ન પ્રદાન કરવામાં આવ્યું હતું.

૯૦ વર્ષનો ઈતિહાસ, ઘણા ફેરફારો થયા છે, પરંતુ સાર એ જ છે ગ્રાહકોને ઉચ્ચ ધોરણ સુધી સેવાઓની શ્રેણી પહોંચાડવા માટેની પ્રતિબદ્ધતા, વિશેષજ્ઞ ક્ષેત્રના જ્ઞાન અને વ્યવસાયિકરણ સાથે મળીને, વ્યાપાર ક્ષેત્રોની વિશાળ શ્રેણીમાંનો અનુભવ એ કેટલીક બાબતો છે જે એમને ભીડમાંથી અલગ બનાવે છે. દરેક ઈન્સ્યુરન્સ કંપનીના નિયમોને આધિન રહી દરેક ગ્રાહકોની જરૂરિયાત સંતોષાઈ રહે એ પ્રકારની વિશ્વાસપૂર્વકની સર્વીસ આપવી કારાણી બંધુ ત્રિપુટીની ખાસિયત છે જે યુનિક છે.




૨૦૨૧ના એવોર્ડ ફંક્શનમાં કારાણી પરિવારને GO DIGIT General Insurance Ltd. તરફથી વિરાટ કોહલીના હસ્તે સ્મૃતિચિહ્ન




૨૦ વર્ષના અખંડ યોગદાન માટે કારાણી પરિવારને વિશિષ્ટ સ્મૃતિચિહ્ન




દુબઈ ખાતે IFFCO TOKIO General Insurance Co. Ltd. એવોર્ડ ફંક્શનમાં યશોધન કારાણી અને દીપક કારાણી



કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજની ઉજવણી પ્રસંગે પ્રમુખ હેમરાજ શાહ અને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૨માં રેડ કાર્પેટ ઉપર વોક કરનાર અભિનેત્રી કોમલ ઠક્કરના હસ્તે કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ ૨૦૨૨ સ્વીકારી રહેલા કારાણી બંધુઓ



TATA AIG જનરલ ઈન્સ્યુરન્સ તરફથી બેંગ્લોર ખાતે ૨૦૨૧-૨૦૨૨ના નેશનલ ટોપ પર્ફોમન્સમાં દ્વિતીય પદ માટે સ્મૃતિચિહ્ન

HOME | OFFICE | SHOP | GODOWN | MOTOR | HEALTH | PERSONAL | TRAVEL | WC | MARINE | LIABILITY | COMMERCIAL | INDUSTRIAL

**Karani**

Naren 93222 28114 • Yashodhan 98211 37737 • Deepak 98210 82664

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

98211 37737 / 98210 82664 98211 37737 insurancekhoj@gmail.com

## દ્વિતીય પુણ્યતિથિ



શ્રી વીર જિનેશ્વર ચરણે લાગું,
વીર પણું તે માંગુ રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાંગુ,
જિત નગારૂ વાગ્યું રે.

આવા શબ્દો જેના માટે ઘટ-ઘટમાં રહેલા છે
એવા પરમ ઉપકારી, શાસન સમ્રાટ્,
અચલગચ્છાધિપતિ, તપચક્ર ચક્રવર્તી, પ.પૂ.આ.ભ.,
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી**
**મહારાજા સાહેબ**
એમના **દ્વિતીય પુણ્યતિથિ** નિમિત્તે

**અમારૂ ગુરૂ શુભચિંતક પરિવાર**
**માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા**
સુથરી-કચ્છ, હાલ મુલુન્ડ (મુંબઇ)
સમસ્ત પરિવાર
આપનું નતમસ્તકે વંદન કરે છે
ગુરૂદેવ જુગ-જુગ જીવો
મંગળવાર, તા. ૦૨.૦૮.૨૦૨૨



**માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર**
(સુથરી-કચ્છ, હાલ મુલુન્ડ (મુંબઇ)

## ધુલ્લા અને દંડ પરિવારનું ગૌરવ

તીર્થોમાં મહાતીર્થ એવા શ્રી શાશ્વત તીર્થ અકલ્પીય... અવર્ણનીય.... અવિસ્મરણીય...
મહામંગલકારી... શ્રી ક્ષેત્રુંજ્ય ગિરીરાજની ૯૯ યાત્રા
સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે દેવગુરૂની અસીમ કૃપાથી ગામ સેવક ભરૂડીયા, હાલે ડોંબિવલીના
**અ. સૌ. પ્રિતી ગૌતમ ધુલ્લા** ના સુપુત્ર

# ચિ. વંશ



પગથીયે....પગથીયે.... આનંદે.... આનંદે.... શાતાપૂર્વક....
જયણાપૂર્વક શ્રી શત્રુંજ્ય ગિરીરાજની નવ્વાણું યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે.

સ્વીકારી કષ્ટને, મુકી તપમાં કાયા,
ત્યજી જીભના સ્વાદને, માંડ્યા કર્મ નિર્જરાના પાયા
**શ્રીમતી તારાબેન નવિનચંદ્ર ધુલ્લા પરિવાર** **શ્રીમતી સરલાબેન મહેન્દ્ર દંડ પરિવાર**

તદ્ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે HSC માં 91% સાથે ઉત્તિર્ણ
થવા બદ્દલ ખૂબ ખૂબ અભિનંદન.

દાદાણા : **માતૃશ્રી મૂરબાઇ દામજી ધુલ્લા પરિવાર**
નાનાણા : **માતૃશ્રી મણિબાઇ મૂલચંદ દંડ પરિવાર**

# હાર્દિક અભિનંદન

## માલદે અને શિયાલ (દલતુંગી) પરિવારનું ગૌરવ



# ચિ. અંશ કલ્પેશ માલદે ડોંબિવલી

**Passed : S.S.C. Board Exam.**

**Securing : 97%**

શ્રી જિનેશ્વર ભગવંતોની કૃપા, ગુરૂદેવોના આશિર્વાદ, કુળદેવી અને મા સરસ્વતીની મહેર, વડીલોના શુભાશિષથી અમારો લાડલો ચિ. અંશ એ શિક્ષણમાં પરિવારનું નામ રોશન કરેલ છે. હજી પણ આગળ આવી જ સિદ્ધિઓ પ્રાપ્ત કરે એવા શુભાશિષ આપીએ છીએ.

| | | |
|---|---|---|
| દાદાણા | : | લતાબેન હિતેન્દ્ર માલદે |
| માતા-પિતા | : | કોમલ કલ્પેશ માલદે |
| કાકા | : | અંકિત હિતેન્દ્ર માલદે |
| નાનાણા | : | ભાવનાબેન બીપીન શિયાલ |
| મામા | : | જુગલ બીપીન શિયાલ |
| મામા-મામી | : | બીના શેતલ શિયાલ |
| માસી-માસા | : | ડિમ્પલ નિલેશ ડાઘા |
| ભાઈ | : | વિહાન, દિયાંશ |



## *Ms. Mukti Paresh Chetna Maisheri*

Roadpali, Navi Mumbai

Dear daughter **Congratulations** on your well deserved achievement. With great pride we share with you all that **Mukti** has secured **97.6%** in class **10th CBSE Board.**

*-: With best compliments from :-*

Grandmother : Smt. Khammaben Valji Maisheri (Jhakhau)
Mother & Father : Smt. Chetna Paresh Maisheri
Sister : Vidhi
Maternal Grandparents: Smt. Nirmala Praful Lodaya (Manjal Reladia)
Aunty & Uncle : Smt. Shweta Yashesh Lodaya
Smt. Neha Dipesh Lodaya
Cousin : Khushaan & Jiyaansh.

## પ્રથમ પુણ્યતિથી



## અ.સૌ. દિવ્યા ઉમેશ ખોના

(સાંધવ-ડોંબિવલી)

જન્મ
તા. ૨૮.૦૯.૧૯૬૬

અરિહંત શરણ
તા. ૧૨.૦૮.૨૦૨૧

જીવન જીવ્યા દિવ્યતાથી, ફોરમ રહી ઘડતરની,
મુક્તિ પંથે આગળ વધ્યા, મુસાફરી દિવ્યતાથી દિવ્યાંશ સુધી,
ઉમેશની અર્ધાંગિની બન્યા, માર્ગ કેડીએ સમતલ,
આત્મોન્નતી ઝંખે છે ધવલ !
ફુલ ગયું ફોરમ રહી, અમરતા રહી જીવનની.
પ્રથમ પુણ્યતિથીએ માત્ર સ્મરણીએ ફરી નહીં અમૂલ્ય ભેટ !

**શ્રદ્ધાંજલિ**

જીવનસાથી: શ્રી ઉમેશ ઉમરશી ખોના
પુત્ર-પુત્રવધુ: મુક્તિ ધવલ ખોના પૌત્ર: દિવ્યાંશ
શ્રી ઉમરશી કુંવરજી ખોના પરિવાર (સાંધવ)
શ્રી મેઘજી કુંવરજી ખોના પરિવાર (સાંધવ)
શ્રી દેવશી ડુંગરશી મેશેરી પરિવાર (જખો)

**તંત્રી સ્થાનેથી**



પ્રકાશ સમીક્ષા સમયની સાથે પરિવર્તન સાધવા હંમેશ પ્રયત્નશીલ રહ્યું છે. આ અંકથી પાનાની ગુણવત્તા તથા આકાર બદલીને નવા રૂપ રંગ સાથે પ્રકાશિત થઈ રહ્યું છે. આને કારણે પ્રકાશન ખર્ચમાં ૬૦ થી ૭૦%નો વધારો થશે જેને સરભર કરવા આપ વધુ જાહેરાતો આપશો એવી આશા રાખીએ છીએ. આપના પ્રતિભાવો અમારા પ્રયાસમાં પીઠબળ પુરૂં પાડશે એટલે તમને શું ગમ્યું, શું ન ગમ્યું અને વધુ શું જોઈએ? તે જરૂરથી લખી મોકલજો

**- ડૉ. હીરાચંદ દંડ**

# વિદ્યાર્થીઓ, જિંદગી બહાનાબાજીથી નહીં ચાલે

ધોરણ 10 અને 12ના પરિણામો આવી ગયા છે. ક.દ.ઓ. વિદ્યાર્થીઓ અભિમાન લઇ શકે એવા માર્ક્સ અને ટકાવારીથી પાસ થયા છે. 10માં પછી શું અને 12 પછી શું? જે શાખા કે કૉલેજમાં પ્રવેશ લેવો એટલા માર્ક આવ્યા તો વાહ વાહ અને ન આવ્યા તો?

હવે દરેક કૉલેજમાં પ્રવેશ લેતા પહેલાં કે કોઇપણ શાખામાં પ્રવેશ લેવા એન્ટ્રેન્સ ટેસ્ટ (પરીક્ષા) આપવી પડે છે. વાલીઓ પોતાના સંતાનોના ભણતર માટે બધું કરી છુટે છે પણ સફળતા અને નિષ્ફળતાનો ખેલ સતત ચાલતો હોય છે. ભણતરનું મુખ્ય ધ્યેય બહુ બધા પૈસા કમાવવાનો હોય છે. અને પૈસા હોયતો ઘણું બધું મેળવી શકાય છે. એને બનાવટી કે ઉપરછલ્લો સંતોષ અને આનંદ પણ સામાન્ય રીતે આપણે કહી શકીએ. વિદ્યાર્થીઓને તમે હકીકતમાં શું ભણવા માંગો છો? એ પછી નોકરી કરવી છે? વ્યાપાર કરવો છે કે કારખાના નાખવા છે કે સમાજસેવા (આ એક બહુ નફાકારક ધંધો છે) કરવી છે? તમે જે પણ ભણશો કે કરશો એ માટે તમે ઉત્સાહિત છો? તમે જગતને એ દ્વારા શું આપવા ઇચ્છો છો?

ઇન્ટરનેટ તમે હજારો વ્યવસાયની શક્યતાઓ દેખાડશે અને તમારા પ્રેરણામૂર્તિ જેવા બનવા ઇચ્છશે. એક વાત નક્કી છે તમે ઇચ્છશો એ પ્રમાણે જિંદગી કંડારી શકશો પણ આ માટે તમને તમારા ધ્યેયને મક્કમ રીતે વળગી રહેવું પડશે અને જોઇતો સાથ, સહકાર અને મદદ લેવાની તૈયારી રાખવી અને એવી રીતે બીજાને સાથ, સહકાર અને મદદ કરવી.

જિંદગી બહાનાબાજીથી નહીં ચાલે. આપણા પ્રધાનમંત્રી મક્કમતાનું, ધ્યેયનું અને પરમાર્થનું જીવતું જાગતું ઉદાહરણ છે અને અહીંયા સુધી પહોંચવા એમણે ચા વેચવાથી માંડીને સંઘની શાખાઓમાં ઝાડુ પણ કાઢ્યું છે. આજે ભલભલાં CEO અને MBA એમની પાસે વામણાં લાગે છે. ૨૦૦ કરોડ માણસોનું રસીકરણનું મેનેજમેન્ટ કેટલું અદ્ભુત છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રધાનમંત્રી વિશે લખવાનો ભાવાર્થ એટલો કે તમે જે પણ કરો એમાં ભણતર, ગણતર અને બીજુ ઘણું બધું જોઇએ, અને આના માટે એકજ માર્ગ છે, સાતત્ય. ધ્યેયથી વિચલિત કરવા લલચામણી વસ્તુઓ માર્ગમાં આવશે અને એની સાથે પનારો પાડીને પણ ધ્યેય ઉપર પહોંચવું પડશે. પછી તમે જિંદગીમાં કંઇપણ બનવા ઇચ્છતા હશો તો તમને કોઇ રોકી નહીં શકે. તમે જાંબાઝ સિપાઇ કે ફિલ્મી હીરો પણ થઇ શકો છો. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે જો સફળતા ન મળતી હોય કે મજા ના આવતી હોય તો ધ્યેય બદલી કરવામાં વાર ન લગાડવી. જોકે આમ કરવામાં બહુજ આત્મવિશ્વાસની જરૂર પડે છે. જો આ વખતે માર્ક ઓછા આવ્યા હોય અથવા મનગમતી શાખા કે કૉલેજમાં પ્રવેશ ન મળ્યો હોય તો જરા પણ નિરાશ થવાની જરૂર નથી અને જુઓ તમે ક્યાંક દિશાચુક કરી છે? અને જુઓ જિંદગીમાં બીજી શક્યતાઓ શું રહેલી છે?

પૈસાની તો જરૂર છે જ, જિંદગી આપણી રીતે કંડારી શકીએ છીએ જરા વિચારશો તો સમજાશે કે ભારોભાર શક્યતાઓ રહેલી છે અને આ રીતે જીવનને કંડારવામાં સફળતા ક્યારે મળશે એ વાતની કોઇ ખાતરી નથી આપી શકતું.

આજુબાજુ નજર કરી એ તો જણાશે કે ખેલકુદ, પર્વતારોહણ, પુસ્તક લેખન, પત્રકારિત્વ, સમાજસેવા, મોટીવેશન, કાર્યશાળાઓ કાઉન્સલીંગ વગેરેમાં સારી કારકિર્દી બની શકે છે.

વિદ્યાર્થીઓએ લશ્કરની કોઇ એક પાંખમાં જોડાવવાની ઇચ્છા કરવી જોઇએ. લશ્કરમાંથી નિવૃત્ત થઇને તમે સફળ રીતે સંરક્ષણ એનાલિસ્ટ પણ બની શકો છો પણ એક વાતનો ખ્યાલ રહે દેખાદેખી કે ગ્લેમરસ કારકિર્દી જો લાયકાત નહીં હોય અને પસંદ કરશો તો પસ્તાવાનો વારો આવશે.

તમે તમારા વિશે શું માનો છો? તમારી ખામીઓ અને ખૂબીઓને મૂલવશો તો જરૂરથી તમે એક સારી કારકિર્દી બનાવી શકશો અને વાલીઓ તમે આમાં જરૂર મદદ કરી શકો છો. એક વાત લખી રાખજો સફળ કારકિર્દી અને સફળ માણસ બનવા લોકોની સંગાથે રહેવાની કળા હાંસલ કરવી જરૂરી છે. તમારી સફળ કારકિર્દીનું અવલંબન લોકો સાથે રહેવાની તમારી સ્કીલ ઉપર પણ અવલંબે છે અને દરરોજ નવી દ્રષ્ટિથી એજ વસ્તુને જોતા અને પારખતા આવડવું જોઇએ.

કવિ નર્મદે તન, મન, ધનથી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવાનો વ્યવસાય અપનાવ્યો હતો. તેઓ 'ડાંડિયો' નામનું એક મેગેઝીન કાઢતા. તેમણે કહ્યું હતું કે ખાવા શેર જુવાર મળી રહેશે તો પણ ચાલશે પણ કામ તો ગુજરાતી ભાષાનું જ કરવું છે. બીજું નામ છે સ્વામી આનંદ, જેઓ 'અખંડ આનંદ' નામનું માસિક કાઢતા અને લોકોને સાહિત્ય સાથે પરિચય થાય એટલે ઘરે ઘરે પોતે પહોંચાડતા. કવિ

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા  કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના  પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા  શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા  કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૯, તા. ૦૫–૦૮–૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

*નર્મદ અને સ્વામી આનંદ એક સફળ વ્યક્તિ હતા અને સફળતાને વરેલા હતા. અને તેઓ આપણા માટે અદ્‌ભુત વારસો મૂકી ગયા છે. શું તમને આવી સફળતા જોઈએ છે ?*

*એડવેન્ચર અને મેડીકલ ટુરીઝમ, ગ્રુમીંગ અને સારી રીતભાત શીખવતી પણ કાર્યશાળાઓ છે. હોસ્પિટલ અને સ્વાસ્થ્ય સેવા વ્યવસ્થામાં ઘણી મોટી તકો રહેલી છે.*

*ક.દ.ઓ. પહેલાથી વ્યાપાર ધંધામાં કુશળ હોવાથી મોટા શહેરોથી માંડીને નાના તાલુકાઓમાં સફળ થયા છે. આજે ડોંબિવલીની આર્થિક સધ્ધરતા ઘરેઘરે ચાલતા ખાખરા ઉદ્યોગને આભારી છે. તમે ભણવામાં હોશિયાર નથી કોઇ વાંધો નહીં. ચકાશો તમારી જાતને અને જુઓ તમારામાં શું કરવાની આવડત છે અને ''યાહોમ કરીને પડો ફતેહ છે આગે''.*

*આઇ.એ.એસ., આઇ.પી.એસ. તથા અન્ય અભ્યાસક્રમોની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને ઉજ્જવલ ભવિષ્યની શુભકામનાઓ. વિદ્યાર્થીઓએ દબાણ અને દેખાદેખીથી દુર રહેવું અને પોતાના ભવિષ્ય ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે.*



**–ઍડ. ઉદયન લાલજી શાહ**

## પાસ થયા અભિનંદન



**આયુષ યુરેશ મોતા (શાહ)**
**પાચોરા-નલીયા**
H.S.C. - 83% (Science)



**ભુમીકા ચારૂલત્તા કિર્તી પોલડીયા**
**બાયઠ - વડખરા**
H.S.C. - 98.16%.



**હિમાંશુ દેવાંગ જાસ્મીન શાહ**
**કોઠારા**
S.S.C. - 96.40%



**યશ હિરેન ધરમશી**
**ગોરખડી (મુલુંડ)**
S.S.C. - 97.20%.


**–: દેવલાલી :–**
દેવની લાલી જેવા નૈસર્ગિક વાતાવરણમાં



૧,૨,૩ ફ્લેટ; ૨,૩,૪,૫ બેડ રૂમના રો હાઉસ/ બંગલા લેવા / વેચવા વાર્ષિક ધોરણે ભાડેથી...
પરેશ રાયચંદ શામજી ધરમશી (સુથરી)
9930 803 959 / 9930 106 054

**સમય પ્રવાહ**

# મોટા દેખાવાનો મોહ- ભાગ ૨

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો.9978903247



પ્રસિદ્ધિ અને પ્રશંસા એ કદાચ દરેક મનુષ્ય માટે અપવાદ વગરની જરૂરીઆત છે પણ તેનું વ્યસન, વળગણ, અતિરેક્ત અને આડંબર એ અવાંછનીય છે. આ વાક્ય જે આ લેખના પહેલા ભાગનો સાર છે તેનું વિસ્તરણ એ આ લેખનો વિષય છે. કેટલાક વ્યવસાયોમાં સરકારી લાયસન્સ લેવું જરૂરી હોય છે, જેમકે પ્લમ્બરિંગ અને ઇલેક્ટ્રીકલ વાયરિંગ. આ ઉદાહરણ છે, જેમાં જે વ્યક્તિ પાસે નક્કી કરેલ શૈક્ષણિક અભ્યાસ અને તે કામનો નક્કી કરેલ વર્ષોનો અનુભવ હોય તો રાજ્ય કે કેન્દ્ર સરકારના જે તે વિભાગ, જે આ કામ કરવા લાયસન્સ આપે છે તેમાં જરૂરી દસ્તાવેજો, પુરાવા અને નક્કી કરેલ ફી સાથે અરજી કરવાથી સરકાર તેને લાયસન્સ આપે છે. ત્યાર બાદ તે વ્યક્તિ લાયસન્સડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર કે લાયસન્સડ પ્લમ્બર એમ લખી શકે છે અને તે સ્વતંત્ર રીતે કે ભાગીદારીમાં વ્યવસાય કરી શકે છે. પણ તે સરકારી અધિકારી કે અમલદાર નથી બની જતો. મોટા ભાગના સરકારી વિભાગો કે પબ્લિક લિમિટેડ કંપનીઓ આવા લાયસન્સ હોલ્ડરને જ કામ આપે છે. તબીબી વ્યવસાયમાં પણ ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરવી હોય તો સરકારમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે, પણ રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીસનર એ સરકારી અધિકારી નથી બની જતો.

આજ રીતે કાનૂની કામ માટે ખાસ કરીને દસ્તાવેજો, સોગંદનામા કે વિવિધ પ્રકારના કરારોને અને તેમાં જે તે વ્યક્તિઓ દ્વારા સહી કરવામાં આવે છે તેની ખરાઈ માટે નોટરી કરવામાં આવે છે. જે રીતે કોઈ વ્યક્તિ લાયસન્સડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર કે લાયસન્સડ પ્લમ્બર બની શકે છે. તેવી જ રીતે કોઈ વ્યક્તિ પાસે નક્કી કરેલ કાનૂની કે કાયદાની શાખાનો શૈક્ષણિક અભ્યાસ અને તે કામનો નક્કી કરેલ વર્ષોનો અનુભવ હોય તો રાજ્ય કે કેન્દ્ર સરકારને જરૂરી દસ્તાવેજો, પુરાવા અને નક્કી કરેલ ફી સાથે અરજી કરવાથી સરકાર તેને ગેઝેટ દ્વારા નોટિફાઈ કરીને પબ્લિક નોટરી જાહેર કરે છે, પણ તે વ્યક્તિ સરકારી અધિકારી કે અમલદાર નથી બની જતો. સુરતમાં ઘણા બધા નોટરીઓ પોતાની ગાડીની નંબર પ્લેટ પર, બોર્ડ અને વિઝિટિંગ કાર્ડમાં લાલ અક્ષરમાં પબ્લીક નોટરી ગુજરાત/કેન્દ્ર સરકાર એમ લખાવતા અને બાજુમાં ચાર સિંહો વાળા રાષ્ટ્રીય પ્રતીક કે ચિન્હ પણ અંકિત કરાવતા અને જાણે બહુ મોટા સરકારી અધિકારી કે અમલદાર હોય તેવો આભાસ ઉભો કરીને સમાજમાં ગેરસમજ ફેલાવતા હતા. સરકારે આ પ્રવૃત્તિ રોકવા કોશિશ કરેલ પણ તેની ખાસ અસર જોવા નથી મળતી. જે રીતે કોઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) ઇન્સ્ટિટ્યૂટ દ્વારા નક્કી કરેલ વર્ષોના વ્યવસાયિક અનુભવ પછી ઠરાવેલ ફી અને જરૂરી પુરાવા સાથે અરજી કરવાથી તેને એસોસિએટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (એ.સી.એ.) ને ફેલો. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (એફ.સી.એ.) જાહેર કરે છે લગભગ તેવું જ આ નોટરીના કિસ્સામાં છે. ફરીથી જણાવી દઉં છું કે મારો ઈરાદો કોઈને નીચા દેખાડવાનો નથી પણ વાસ્તવિકતાને ધ્યાનમાં લાવવાનો અને આભાસના ધુમ્મસને હટાવવાનો છે. કેટલાક વર્ષો પહેલાં સુરતની એક સંસ્થામાં ૧૫મી ઓગસ્ટના પ્રસંગે આયોજિત દેશ ભક્તિના ગીતોની સ્પર્ધાના કાર્યક્રમ દરમ્યાન એક ભાઈ સાથે પરિચય થયો. તેમણે પોતાનું વિઝિટિંગ કાર્ડ આપ્યું જેમાં લખેલ કે ‘રિટાયર્ડ સરકારી અધિકારી’. એટલે જિજ્ઞાસાવશ મેં તેમને પૂછ્યું કે કયા સરકારી ખાતામાંથી રીટાયર થયા છો તો તેમણે જવાબ આપ્યો ‘સિંચાઈ વિભાગ’! લગભગ આઠેક વર્ષ પહેલાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના એક કાર્યક્રમમાં એક વડીલનો પરિચય થયો અને તેમણે પોતાનું વિઝિટિંગ કાર્ડ આપ્યું જે કદાચ વિશિષ્ટ હોવાથી ધ્યાનાકર્ષક પણ લાગ્યું. કાર્ડમાં તેમનો ફોટો, ફોન નંબર અને સરનામું તથા બીજી બાજુ લગભગ દશેક સંસ્થાઓના નામ હતા જેમાં તેઓ સભ્ય રહેલ.!! લગભગ આવો જ અનુભવ અંકલેશ્વરમાં જૈન જાગૃતિ સંસ્થાના કાર્યક્રમ સમયે થયેલ ત્યારે એક આગેવાન વ્યક્તિએ પોતાનું વિઝિટિંગ કાર્ડ આપેલ જેમાં પણ આ મહાનુભાવ જે ત્રણેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તેનું લિસ્ટ હતું.!

મારા એન્જીનીયરીંગના અભ્યાસ સમયે પાંચ વર્ષ સુરતની એક જૈન હોસ્ટેલમાં રહ્યો હતો. ત્યારે મારે એક મિત્ર સાથે ઘનિષ્ટ કૌટુંબિક પરિચય થયેલ. મારા મિત્રના મોટાભાઈ (જેને હું પણ મોટાભાઈ કહેતો) સુરત જિલ્લામાં એક જૈન સંસ્થામાં પહેલાં કારકુન અને ત્યાર બાદ મેનેજર તરીકે સેવા આપતા હતા. લગભગ ૧૫ વર્ષોના સમય ગાળા પછી, ફરીથી જયારે સુરત સ્થિર થયો ત્યારે એક વાર મારા મિત્રના પિતરાઈ ભાઈ મળી ગયા ત્યારે સહુની સાથે મોટાભાઈની ખબર પૂછતાં એણે જણાવ્યું કે મોટાભાઈ તો જે સંસ્થામાં કામ કરતા હતા તેમાં ટ્રસ્ટી બની ગયા છે. પણ પાછળથી જાણવા મળ્યું કે મોટાભાઈ તો એકાદ વર્ષ પહેલાં છેલ્લે મેનેજરના પદ પર રહીને સેવા નિવૃત્ત થઇ ગયા છે!

**છીપનું મોતીઃ** सच्चाई छुपनहीं सकती बनावटके उसूलों से
खुश्बु आ नहीं सकती कभी कागज के फूलों से

**કચ્છી સમાજનું ૪૫ વરસ જુનું અને જાણીતું નામ**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી - માટુંગા**

સાચી જરીની જુની સાડીઓ, ચણીયા-ચોળી, બોર્ડર, ઘરચોળા, બનારસી સાચા પટ્ટા તેમજ ટીસ્યુ-સિલ્કનાં સેલા, છુટી ટીકી-સુરમો વજનથી સારા ભાવે વેંચાતા લઈશું. તરત જ ફાઈનલ.

**રાજનિકેતન બિલ્ડીંગ, પો.ઓ.ની સામે,**
**માટુંગા - સેન્ટ્રલ રેલ્વે, સોમવાર બંધ**
**ટે.: ૨૪૦૨૫૦૭૦ / ૮૬૫૨૨ ૩૯૫૩૭**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS




OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189



# ચલતે... ચલતે...




સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫


ભાગ – ૧૬


લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭





પર્વાધિરાજ પર્યુષણ પર્વ પોતાના આગમનની છડી પોકારી રહ્યું છે. ભવ્ય આરાધના કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચાતુર્માસ પ્રવેશ પછી કચ્છનાં ગામેગામ સાધુ ભગવંતો બિરાજમાન થઈ ગયા છે. પ્રવેશ દરમ્યાન વહોરાવવામાં આવેલ આગમ કે સુત્ર ગ્રંથોનું વાંચન-સમજણ-મનન ઈત્યાદિનાં વ્યાખ્યાન ચાલુ છે. આવા જ એક પર્યુષણ પર્વની આરાધનામાં જૈન ધર્મનાં એક વિશિષ્ટ પુસ્તક **''કલ્પસૂત્ર''**નાં વાંચન દરમ્યાન સાંભળેલું કે આપણા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે મનુષ્યોને જીવન જીવવાની રીત શિખવાડી. તેમને બે સુપુત્રીઓ હતી. બ્રાહ્મી અને સુંદરી. બન્ને સુપુત્રીઓ ૬૪ કલામાં નિપૂણ હતી. તેમાંથી એક કલા એટલે **'નૃત્ય'** (ભારતીય સંસ્કૃતીની જુદી-જુદી નૃત્ય કલા પર એક આખો લેખ-ભવિષ્યમાં ક્યારેક...)

આજે ઓળખાણ કરાવવાની છે શ્રીમતી ભારતી પ્રેમચંદ નાગડા (જખૌ-ચેમ્બુર)ની દોહિત્રી અને સૌ. હેતલ અમીત શાહની સુપુત્રીઓ **કુ. ફોરમ અને કુ. કાવ્યા** ની.

કુ. ફોરમ અમીત શાહે ઉં. વર્ષ ૬ થી જ ભરતનાટ્યમની તાલિમ નૃત્ય ભારતી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાઈન આર્ટસનાં ગુરુજનો શ્રીમતી યામિનિ દંડ (ભરુડીયા-ઘાટકોપર) અને બિંદુ શાહ નૃત્ય વિશારદ પાસેથી મેળવી. ઉં. વ. ૧૩માં તો **અરંગેત્રમ** પ્રસ્તુત કર્યું અને પછી ઘણા પ્રસંગોએ સ્ટેજ ગજવી ને પારિતોષિક મેળવ્યા છે.

કુ. ફોરમે બી. ફાર્મની ડિગ્રી અને એમ.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

કુ. કાવ્યા અમીત શાહે પાંચ વર્ષની ઉંમરે કથક નૃત્યની તાલિમ શ્રીમતી રાજર્ષિ શીરકે પાસે ''લાસ્યા ઈન્સ્ટીટ્યુટ ઓફ ડાન્સ''માં લઈ ૯ વર્ષની ઉંમરથી નૃત્ય ભારતીમાં ભરતનાટ્યમની તાલિમ લઈ ૧૩ વર્ષની ઉંમરે




અરંગેત્રમ પ્રસ્તુત કરી ઘણા પ્રસંગોએ સ્ટેજને નૃત્યોથી ગજવ્યા છે.

કાવ્યાબેને ઉચ્ચ શિક્ષણ અર્થે **Bacholer of Science in Business** ની ડિગ્રી મેળવવા અમેરિકાની પેન સ્ટેટ યુનિવર્સિટીમાં એડમીશન મેળવી લીધું છે.

કહેવાય છે ને કે મોરનાં ઈંડા ચિતરવાના ના હોય. નાનીમા અને માતુશ્રી એક યા બીજી રીતે નાટ્ય-નૃત્યની પ્રવૃત્તિઓમાં પ્રવૃતમાન રહ્યા છે. બન્ને દિકરીઓની સફળતાનો રહસ્ય જાણવા તેમની અને તેમના માતૃશ્રી હેતલબેન સાથે મોબાઈલ ફોન દ્વારા મુલાકાત લીધી અને તે મારા શબ્દોમાં નિરોપણ કરું છું.

નાનપણથી જ **St. Gregorious High School**ના વિદ્યાર્થી હોવાથી શાળામાં શિક્ષણ ઉપરાંત અનેક વિવિધ પ્રવૃત્તિઓ થતી અને અમે તેમાં ભાગ લેતા જે અમને આત્મવિશ્વાસ કેળવવામાં મદદગાર બની. ઘરમાં પિતાશ્રી અને માતુશ્રી વ્યવસાયમાં પરોવાયેલા હોવા છતાં અમે ઘણી વખત હતપ્રભ અને નાસીપાસ થતાં ત્યારે અમને પ્રોત્સાહન આપતાં અને ડાયનીંગ ટેબલ પર અમારી સાથે સંવાદ સાધતા. અમારા ગુરુજનોનો અમારા વિકાસમાં પણ મોટો ફાળો છે.

દરેક કાર્યમાં નિયમીતતા, સખત મહેનત સફળતાને પ્રાપ્ત કરે છે એ અમને અનુભવથી શીખવા મળ્યું.

અમારા યંગ મિત્રોને એટલું જ કહી શકીએ કે **Hard Work always pay...** (વધુ આવતા અંકે...)




**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

# કે.ડી.ઓ દિવ્યાંગ : શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન દિવ્યાંગ સમિતિના પ્રયાસો અને પરિકલ્પનાઓ

શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન આપણી કે.ડી.ઓ. જ્ઞાતિને નવી દિશામાં અગ્રેસર કરાવવા સમાજના વિકાસને લગતાં અનેક કાર્યો કરે છે. આ મહાજન દ્વારા કે.ડી.ઓ. જ્ઞાતિના ઇતિહાસમાં પહેલી જ વાર દિવ્યાંગોના વિકાસનો વિચાર કરવામાં આવ્યો. તે વિચારને નક્કર સ્વરૂપ આપવા માટે  સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ દંડની પ્રેરણાથી કન્વીનર શ્રી રાજેન્દ્ર ખોના દ્વારા માનદ્ ચેરમેન પદે શ્રીમતી કાશ્મીરા લુઠીયા, માનદ્ ઉપચેરમેન પદે શ્રીમતી નીના સાયલા અને માનદ્ સેક્રેટરી તરીકે શ્રીમતી શિલ્પા અજાણી સાથે શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન દિવ્યાંગ સમિતિ નીમવામાં આવી. હાલમાં શ્રીમતી પારૂલ મોતા પણ સમિતિમાં જોડાયા છે. તા. ૧૪-૦૪-૨૦૧૯ના દિને દિવ્યાંગ સમિતિએ અમલમાં મુકેલી બધી યોજનાઓ જ્ઞાતિને અર્પણ કરવામાં આવી.

આશરે સવા ત્રણ વર્ષના સમયગાળામાં દિવ્યાંગ સમિતિએ પાર પાડેલા વિવિધ પ્રકલ્પોની રૂપરેખા આ પ્રમાણે છેઃ

**પ્રારંભિક પ્રોજેક્ટ્સઃ**

૧)  ૧૦૦ દિવ્યાંગોનો ડાટા બેઝ તૈયાર અને વધુ સભ્યોની નોંધણી હજુ ચાલુ.

૨)  જરૂરતમંદ કેડીઓ દિવ્યાંગોને રૂા.૪૦૦૦/- પેન્શનના ચેક પ્રદાન. આ પ્રકલ્પ શરૂઆતથી અત્યાર સુધી ચાલી રહ્યો છે.

૩)  કે.ડી.ઓ. સામાજિક સુરક્ષા યોજનામાં દિવ્યાંગોની નોંધણી.

૪)  એક દિવ્યાંગના વાલીને વ્હીલચેર દાન.

૫)  મુંબઈના વિવિધ વિસ્તારોમાં અનેક સંસ્થાઓ સાથે મળીને ૫ થી ૬ વિવિધ પ્રદર્શનો તથા વેચાણમાં દિવ્યાંગોના સ્ટોલ રાખી તેમને પગભર થવામાં મદદરૂપ થવાય એવી એક કોશિશ.

## : અન્ય પ્રોજેક્ટ્સ :

**૧)  વિશેષજ્ઞ વાર્તાલાપ :** મર્યાદાયુક્ત પરિસ્થિતિઓને અનુકૂલ બનવા માટે દિવ્યાંગ વ્યક્તિ તથા તેમના વાલીઓ, શિક્ષકો અને કેરટેકર્સને જરૂરત હોય છે તેમના વિશેષ અધિકારો તથા તેમના માટે ખાસ ઘડાયેલી યોજનાઓ વિષેની જાગૃતિની અને માહિતીની, જે પૂરી પાડવા સોમવાર, ૧૦ મી જૂન, ૨૦૧૯ના રોજ, શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિએ દિવ્યાંગોના માતા-પિતા અને સંભાળ રાખનારાઓ માટે નિષ્ણાતો સાથે વાર્તાલાપનું આયોજન કર્યું હતું.

**૨)  ઐતિહાસિક પ્રથમ કે.ડી.ઓ. દિવ્યાંગ આનંદ મિલન :** તા. ૨૯/૦૯/૨૦૧૯ ના રોજ  માટુંગા સ્થિત નપ્પુ હોલમાં કે.ડી.ઓ દિવ્યાંગો માટે પ્રથમ દિવ્યાંગ આનંદ મિલન આયોજિત કરવામાં આવ્યું હતું. ભારતના વિવિધ પ્રાંતોમાંથી અનેક દિવ્યાંગોએ પોતાના વાલીઓ સાથે હાજરી આપી હતી . પ્રતિભાશાળી દિવ્યાંગોએ તેમની કળાનો પ્રેરણાદાયી પર્ફોમન્સ  આપ્યો હતો અને વિવિધ ક્ષેત્રોમાં તેમની ઉપલબ્ધિઓ બદલ છ દિવ્યાંગોનું સન્માન પણ કરાયું હતું. આશરે રૂા.૨૦,૦૦,૦૦૦/- કરતા પણ વધુનું અમૂલ્ય યોગદાન સમિતિએ દાતાઓ પાસેથી મેળવ્યું છે; જેના થકી તેમના પ્રકલ્પો અવિરત ચાલી રહ્યા છે.

## : ભાવિ પ્રકલ્પો :

ભવિષ્ય માટે નીચે મુજબની અનેક મોટી પરિકલ્પનાઓ સમિતિના વિચારાધીન છેઃ

**૧)  દિવ્યાંગ ડે-કેર કેન્દ્ર :** જેમનાં પરિવારજનો દિવસ દરમિયાન અમુક કારણોસર વ્યસ્ત રહેતા હોય તેવા દિવ્યાંગ બાળકો-વયસ્કોની દૈનિક દેખરેખ તથા સાર-સંભાળ માટેની જોગવાઇ કરવા હેતુ,

**૨)  દિવ્યાંગોની ફુલવાડી :** જે દિવ્યાંગ બાળકો-વયસ્કો એકલા પડી ગયા હોય અને જેમની દેખરેખ કરનાર કોઈ ન હોય તેવા દિવ્યાંગોના કાયમી નિવાસ તથા ભરણપોષણ માટે, અને

**૩)  મંદબુધ્ધિ પ્રશિક્ષણ કેન્દ્ર :** શારીરિક-માનસિક દિવ્યાંગોને સ્વાસ્થ્ય લક્ષી અને વ્યવસાયલક્ષી પ્રશિક્ષણ આપી પગભર કરવા માટેની વ્યવસ્થા.

આવનારા સમયમાં, આવા મોટા પાયાના અને અત્યંત મહત્ત્વના પ્રકલ્પોને આકાર આપવાની દિવ્યાંગ સમિતિની નેમ છે. શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનના દાતાઓને ઇન્કમ ટેક્સમાં છૂટનો લાભ મળી શકે તે માટે મહાજનને હવે 80G નું રજિસ્ટ્રેશન પણ પ્રાપ્ત થઈ જવાથી, જ્ઞાતિજનોને વધુમાં વધુ દાન દેવામાં સુલભતા થશે અને દિવ્યાંગ સમિતિ, પોતાની નેમ આસાનીથી પાર પાડી શકશે.

કોઈને સ્વાસ્થ્ય માટે તો કોઈને સ્થિરતા માટે સંઘર્ષ કરતા જોઈને લોકોમાં  સત્કાર્ય કરવાની સહજ ઇચ્છા જાગે છે અને તેઓ મદદ કરવા તત્પર બને છે. તેથીજ કદાચ શ્રી સમસ્ત કેડીઓ મહાજન દિવ્યાંગ સમિતિના પ્રોજેક્ટ્સમાં સહુ પ્રાયોજકો તથા દાતાઓના દરિયાદિલ સાથ-સહયોગ મળતા રહ્યા છે, જેના વગર યોજનાઓ પાર પાડવી અશક્ય હતી.  ભવિષ્યમાં પણ  દિવ્યાંગોની ઝિંદાદિલી અને દાતાઓની દરિયાદિલી નો સુભગ સંગમ, ''એક સક્ષમ કે.ડી.ઓ. દિવ્યાંગ સમાજ ઊભો કરી, એક ખરેખરો સર્વસમાવેશક સમાજ રચવાનું'' શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન દિવ્યાંગ સમિતિનું સ્વપ્ન સાર્થક કરવામાં સહાયક બનશે તેવી આશા સમિતિના સભ્યોએ પ્રગટ કરી છે.

**તા.ક.: વધુ જાણકારી માટે સંપર્ક સુત્ર**

**શ્રીમતી કાશ્મિરા લુઠીયા - ૯૮૨૧૬ ૭૫૭૭૨, શિલ્પા અજાણી - ૯૮૨૧૧ ૧૩૩૩૮ (વોટ્સએપ)**

**કલ્પવૃક્ષ યોજનાઃ** કલ્પવૃક્ષ યોજના બાબત તમોએ રજુઆત કરી તે માટે આપનો ખુબ ખુબ આભાર. જે વાત તદ્દન ભુલાઈ ગઈ હતી તેને તમો જ્ઞાતિ સમક્ષ લઈ આવ્યા તે માટે આપનો ખુબ ખુબ આભાર.




કલ્પવૃક્ષની જમીન વેચવા બાબત અમોને નીચે મુજબ જાણકારી મળી છે, જે બહુજ મહત્ત્વની છે.

કલ્પવૃક્ષ યોજના માટે ૧૨૫ એકર દક્ષિણ ભારતમાં એકમે ખરીદ કરેલ તે જમીનના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ ખોવાઈ ગયા બાબત એકમે રજુઆત કરેલ છે. અમોને બહુજ વિશ્વસનીય (Reliable Saurce) સમાચાર મળેલ છે. જમીન ૧૨૫ એકર એકમએ રૂા. ૬૪૦૦૦૦/- એકર દીઠ વેચાણ કરેલ છે. ઓરીજીનલ ડોક્યુમેન્ટ ન મળવાથી ખરીદદારે બીજા Certificate Documents બનાવી લેતા ઉપર મુજબ વેચાણનો સોદો થયેલ છે. રૂા. ૬૪૦૦૦૦/- એકર દીઠ કુલ એકર ૧૨૫ રૂા. ૮૦૦૦૦૦૦૦ (આઠ કરોડ) ખરીદદારે એકમને આપી દીધેલ છે. રજીસ્ટ્રેશન ગયા અઠવાડીયે થયેલ છે.

રકમ તુરતજ એકમને મળેલ છે. તો આપ એકમ સાથે આ બાબત ખુલાસો આપી શકશો. સાધારણ હિસાબ મુજબ પણ ૪૦૦૦૦ (ચાલીશ હજાર) વૃક્ષો માટે આઠ કરોડ એટલે રૂા. ૨૦૦૦ પ્રતિ વૃક્ષ મળી શકશે. અમારો ઈરાદો વૃક્ષ માલિકોનું કઈ ભલુ થાય તે જ છે. રૂા. ૪૪૦/- પ્રતિ વૃક્ષે રોકાણ સામે રૂા. ૨૦૦૦/- પ્રતિ વૃક્ષ મળી શકશે. આમાં આગળ કેમ વધવુ તે તમારે નક્કી કરવાનું છે.

અમે તો ઈચ્છીએ છીએ કે એકમના હોદ્દેદારો આ બાબત ગંભીરતાથી વિચારે અને તુરંત આ બાબત નક્કી કરે.

**- મણીકાંત વિસનજી ખોના-નલિયા (કોચીન)**

---

**શ્રી કે.ડી.ઓ. ક્લાસીક :** શ્રી કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા કચ્છ કોઠારા મધ્યે શ્રી કોઠારા સાર્વજનિક દવાખાનાની અંદર આપણી કે.ડી.ઓ. જ્ઞાતિના કોઈપણ ભાઈબહેન પાસેથી દવા, એક્સરે, પેથોલોજી લેબ ટેસ્ટીંગનો કોઈપણ ચાર્જ લેતા નથી. નિઃશુલ્ક સેવા આપે છે. એનાથી કોઠારા અને આજુબાજુના ગામડાંઓ આપણી જ્ઞાતિના ઘણા ભાઈબહેનો લાભ લઈ રહ્યાં છે.

કોઠારા, સાંયરા, વરાડીયા, સુથરી, પરજાઉ, નલીયા, વાંકુ, વારાપધર, રાપર વિગેરે ગામોના જ્ઞાતિજનો લાભ લઈ રહ્યા છે. ખરેખર કે.ડી.ઓ. ક્લાસીક સુંદર સેવાનું સરાહનીય કાર્ય કરી રહી છે. જે ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. હજી પણ કોઠારાની આજુબાજુના કોઈ ગામમાં ખબર ન હોય તો ગામના અગ્રણીઓ પોતાના ગામમાં જાણ કરી અને આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવા જણાવે.

શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટમાં ડૉક્ટર, કમ્પાઉન્ડર, લેબ ટેક્નીશીયન વગેરે પુરતો સ્ટાફ છે. અને રાબેતા મુજબ ચાલુ છે.

**-દિનેશ લાલજી અજાણી**

ટ્રસ્ટીશ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ-કોઠારા


।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ।।

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૯૩૨૪૦ ૧૭૩૪૫**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે**

**ફ્રી હોમ ડિલીવરી**

**એક કિલો પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ**

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**તમારી જુની સાચી જરી સારા ભાવે વેંચવા અમારૂં ભાવભર્યું આમંત્રણ**

● તમારી જુની સાચી જરીની સાડી ● જુના સાચી જરીનાં ચણીયા-ચોળી ● સાચી જરીના ઘરચોળા ● સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ ● સાચી જરીના સેલા ● સાચી જરીની બટકસબની સાડી, ચણીયા-ચોળી, બોર્ડર ● સાચી જરીની આરીવર્કની સાડી તથા ચણીયા ચોળી.

**Best value of your old Items**

**બીજે ક્યાંય જતાં પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો. રોકડા પૈસા આપવામાં આવશે.**

**: ખાસ નોંધ :**

**ઘર બેઠા તમારી જુની સાચી જરીનાં પૈસા મેળવો. તમારા ઘરે આવીને તમારી જુની Item ની Value પ્રમાણે પૈસા આપીશું.**

**(ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવા માટે હાજર રહીશું.)**

**Mahavir Sarees**

મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨

**SUNDAY CLOSED**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

શ્રી અનંતનાથાય નમઃ

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## સ્વાભિમાન (ધનવંતરી યોજના)

જય જિનેન્દ્ર, સર્વે સભ્યો કુશળ મંગલ હશો,

આપ સર્વે મહાસમિતિના સભ્યોને જણાવવાનું કે તા.૨૨/૦૫/૨૦૨૨ના મુંબઇ ખાતે મહાસમિતિની પ્રથમ સભામાં સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ દ્વારા વિવિધ સમિતિઓના કાર્યોની રૂપરેખા અને તેના દ્વારા થઇ રહેલી દેશભરના જ્ઞાતિજનોની ખરી મદદની જાણ ઉપસ્થિત સભ્યોને કરી હતી.

સભામાં શ્રી નિશીથભાઈ દંડ દ્વારા અન્ય સમિતિના સભ્યોને આગામી વર્ષોમાં જ્ઞાતિજનોને મદદરૂપ થઇ શકાય તેવા પ્રકલ્પો પર કામ કરવા અપીલ કરી હતી, જેના સ્વરૂપે અને તેમની પ્રેરણા અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રીઓના સહયોગથી સ્વાભિમાન સમિતિના ચેરમેન શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા, કન્વીનર અને ટ્રસ્ટીશ્રી હંસ બી. ખીમજી, સભ્યો શ્રી રાયચંદ ડી. જીવાણી, શ્રી તેજપાલ એલ. ધરમશી, શ્રી પદમકુમાર ડી. નાગડા, શ્રી સુજીવ જે. સોની, શ્રી દિલીપ આર. નાગડા, શ્રી કિશોર ટી. રતાણી, શ્રી પ્રદીપ એ. ખોના, શ્રી વીરચંદ એન. લોડાયા તથા શ્રીમતી અમિષા આર. મુનવર, દરેક સભ્યોની સુઝબુઝથી સરાહનીય એવી સિનિયર સિટીજન (વરિષ્ઠ) માટે ‘‘ધન્વંતરિ‘‘ નામની યોજના અમલમાં મુકવામાં આવી છે.

આ યોજના માટે ટૂંક સમયમાં સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પગલે ડોનેશન જમા કરીને જ્ઞાતિના વરિષ્ઠ જેમની વય ૬૫ વર્ષથી ઉપર અને પરિવારની રૂા ૧૫૦૦૦/- સુધીની આવક ધરાવનારને તેમની દવા ખર્ચ માટેની આર્થિક સહાયરૂપે રૂા. ૧૦૦૦/- પ્રતિ માહ એક વર્ષ સુધી હાલ પૂરતી આપવામાં આવશે. વધુમાં વરિષ્ઠ વ્યક્તિની જરૂરિયાત પ્રમાણે વોકસ્ટિક, વોકર અને કમર પટ્ટો જેવી સહાયક વસ્તુ પણ આપવામાં આવશે જેની નોંધ લેશોજી.

જેમ જેમ આ ધન્વંતરિ ‘‘ યોજનામાં આપણા જ્ઞાતિજનોનો તથા દરેક મહાજનો દ્વારા આર્થિક સહયોગમાં વધારો થતો રહેશે તેમ તેમ આપણે આ યોજનાને વધુ સમય માટે આપવાનો પ્રયત્ન કરતા રહેશું.

આ સાથે આ યોજનાનું ફોર્મ અને ગુગલ ફોર્મની વિગત મોકલેલ છે, જરૂરિયાતમંદ વ્યક્તિને મોકલી અથવા જાણ કરીને મદદરૂપ થવા વિનંતી છે. જે દરેક મહાસમિતિના સભ્યની ફરજ પણ છે તથા જે તે મહાજનના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયા છો તે મહાજનના પદાધિકારીઓને જાણ કરવાની જવાબદારી પૂર્ણપણે નિભાવવા વિનંતી છે. આ યોજનામાં અરજી કરનારે ફોર્મ ભરીને નીચે જણાવેલ સભ્યોમાંથી કોઇ એકને વોટ્સએપ દ્વારા મોકલવા વિનંતી છે. અન્ય કોઈ પણ બાબતની વિગત અથવા જાણકારી માટે સ્વાભિમાન સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે.

**આ યોજના ફક્ત વરિષ્ઠજનો (વડીલો) માટે, જેમની ઉંમર વર્ષ ૬૫ થી ઉપર અને માસિક આવક રૂા. ૧૫,૦૦૦/- થી ઓછી હોય, એવા વડીલો માટે છે. યોજના વિશે વધુ માહિતી માટે નીચે જણાવેલ કોઈપણ સદસ્યનો સંપર્ક કરવા વિનંતી.**

યોજનાના ફોર્મ kdosm.org અને ગુગલ ફોર્મ્સ ઉપર ઉપલબ્ધ છે.

| શ્રીમતી હેમાબેન જી. છેડા-બેંગ્લોર | શ્રી રાયચંદ જીવાણી-ડોંબિવલી | શ્રી તેજપાલ એલ. ધરમશી-મુલુંડ |
|---|---|---|
| 98440 44428 | 87798 75109 | 98700 70027 |

**લી. સ્વાભિમાન સમિતિ, શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન.**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ચંદ્રેશ શાહને સમાજરત્ન એવોર્ડ

આર્ટીસ્ટ વેલફેઅર એસોશિએશન ઓફ છત્તીસગઢ - કાવા તરફથી શ્રી ચંદ્રેશ શાહને તેમની સમાજ સેવાઓની કદરરૂપે સમાજરત્ન એવોર્ડ આપવામાં આવ્યો.

### શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મૂ. જૈન શ્રીસંઘ

આ વરસે પારોલાતીર્થમાં પર્યુષણ મહાપર્વ ધુમધામથી ઉજવવાનું નક્કી કરવાથી બહારગામ વસતા જ્ઞાતિ ભાઈ-બહેનો સહપરિવાર સાથે પધારી ધર્મ આરાધક કરવા આમંત્રણ આપીએ (૧) સાધર્મિક સ્વામીવાત્સલ્ય અને આવાસ વ્યવસ્થા પરીપૂર્ણ. (૨) ધર્મ આરાધના કરવા આવનાર જ્ઞાતિભાઈ-બહેનો આવવાની જાણ કરવાથી વ્યવસ્થામાં અનુકુળતા થશે. સંપર્ક : હરીશ પદમશી લોડાયા-૮૬૬૮૯૭૬૬૫૬. દિલીપ શામજી પોલડીયા-૭૭૯૮૮૧૨૨૪૯.

### શ્રી સુધીર મોતાને હિંદી સેવા સન્માન પુરસ્કાર



સુધીર વાલજી અરજણ મોતા કચ્છ વાંકુ હાલ ભોપાલની મધ્ય પ્રદેશ સરકારના સંસ્કૃતિ વિભાગે વર્ષ ૨૦૨૦ના હિન્દી સેવી સન્માન પુરસ્કાર માટે વરણી કરી છે. આ પુરસ્કાર હિન્દીતર માતૃભાષા હોઈ હિન્દી માટે ઉલ્લેખનીય યોગદાન આપ્યું હોય તેમને આપવામાં આવે છે.

આ પુરસ્કારમાં સન્માન પત્ર, સ્મૃતિચિન્હ, શાલ, શ્રીફળ સાથે એક લાખ રૂપિયાની આયકરમુક્ત રાશિ આપવામાં આવે છે. સુધીરભાઈના હિન્દીમાં સાત પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે, તેઓ રાષ્ટ્રીય છાપાઓ અને પત્રિકાઓમાં નિયમિત લખાણ અને કવિતાઓ લખે છે. તેમને રઝા પુરસ્કાર, રામવિલાસ શર્મા સન્માન, વાગીશ્વરી સન્માન જેવા અનેક પુરસ્કાર અગાઉ મળી ચૂક્યા છે.

### વડોદરા સંઘમાં વિમલનાથ દાદાના લક્ષ જાપ

કે.ડી.ઓ. વડોદરા સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી સંસ્કાર નિધીશ્રી આદિઠાણાની નિશ્રામાં વિમલનાથ ભગવાનના એક લક્ષ જાપની આરાધના કરવામાં આવી હતી.

### ખંડવા સંઘમાં લોગસ્સ અનુષ્ઠાન

ખંડવા સંઘ, મધ્યપ્રદેશ ખાતે પ.પૂ. સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં તા. ૧૭ જુલાઈના લોગસ્સ સૂત્રના અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડની મહિલા વિભાગે મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર અને વીમા નિષ્ણાંત રાજેન્દ્ર ધુલ્લાની સાથે બચત અને આવકના રોકાણ અંગે એક વિશેષ વર્કશોપ ૨૯ જુલાઈ ૨૦૨૨ના રોજ યોજવામાં આવ્યું હતું.

### પ.પુ. સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી

પ.પૂ. સાધ્વીશ્રી સૌમ્યગુમાશ્રીજી મ.સા. પાર્લા ઈસ્ટ મુંબઈ સંઘમાં વર્તમાન ચાતુર્માસમાં નવકાર મંત્ર સ્મરણ કરતા તા. ૨૨ જુલાઈ ૨૦૨૨ના દિને પ્રાતઃકાલે કાળધર્મ પામ્યા હતા.

માતુશ્રી મણીબાઈ ધરમશી કાનજીની રત્ન કૂખે અવતરેલા સાહેબજીએ અંજાર નગરે વૈશાખ સુદ-૧૪, વિ.સં. ૨૦૨૪ના અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ના વરદ્હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરુ પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રી મ.સા.ના નામે સંયમ માર્ગે પ્રવર્તમાન થયા.

પ.પૂ. સાધ્વીશ્રી સૌમ્ય ગુણાશ્રીજી મ.સા. સંયમ માર્ગ કુલ ૫૪ વર્ષ આરાધી પંચાવનમા વર્ષે કાળધર્મ પામ્યા. જય જય નંદા. જય જય ભદ્રા.

### તુષારભાઈ દંડ આદેશ્વર જિનાલય મંજલના મેનેજિંગ ટ્રસ્ટી

તા. ૨૪ જુલાઈ ૨૦૨૨ના રોજ શ્રી મંજલ રેલડિયા મહાજનની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં મંજલ વાસીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. ઘાટકોપર ખાતે યોજાયેલી સદર બેઠકમાં શ્રી તુષારભાઈ મધુકર દંડ શ્રી આદેશ્વરજી મહારાજ જૈન ટેમ્પલ ટ્રસ્ટ, મંજલ રેલડિયાના મેનેજિંગ ટ્રસ્ટી અને વિજયભાઈ કાંતિલાલ દંડ કોષાધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા હતા.

સભામાં સોમચંદભાઈ વસનજી ધરમશીએ દેરાસરના જીર્ણોદ્ધારનો અહેવાલ રજુ કર્યો હતો જ્યારે હુકમચંદભાઈ ઝવેરચંદ ધરમશીએ જિર્ણોધ્ધારના હિસાબ રજુ કર્યા હતા. તુષારભાઈએ અભ્યાગતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### પ્રતિભાશાળી સિદ્ધાંત ધરમશી

છાડુરાના બેંગ્લુરૂમાં રહેતા ધો. ૪માં અભ્યાસ કરતા સિદ્ધાંત વિક્રાંત ધરમશીને સ્કુલ સાયંસ ઓલિમ્પીયાડમાં ગોલ્ડ મેડલ મળેલ છે.

### દલતુંગી ખાતે પર્યુષણ પર્વ

દલતુંગી નગરે પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ સંઘના રસોડે તા. ૨૩.૮.૨૨થી ૧.૯.૨૨ સુધી રહેશે. વાંચન માટે આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી ભાઈ-બહેનો પધારશે.


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્ગૃહસ્થ જ્ઞાતિજન**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ||

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

તા. ૫-૦૮-૨૦૨૨

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

નલીયા મહાજનશ્રીની **વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૮/૦૮/૨૦૨૨** રાતના ૯.૦૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર.
૨) ગત મિનિટસનું વાંચન તથા એને બહાલી.
૩) મહાજનશ્રીનું વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક ઓડીટેડ બેલેન્સશીટનું વાંચન અને બહાલી.
૫) આવેલ પત્રોનું વાંચન. પ્રમુખશ્રીની મંજુરીથી ચર્ચા વિચારણા.
૬) વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૩૦-૯-૨૦૨૨ના પૂરી થતા નવા ટ્રસ્ટ બોર્ડનું ગઠન કરવા (બંધારણની કલમ ૬ અને ૭ મુજબ) સામાન્ય સભામાં નવા ટ્રસ્ટીશ્રીઓની નિયુક્તી અથવા જરૂર પડે તો ચૂંટણી કરીને તે સભામાં ટ્રસ્ટ બોર્ડનું ગઠન કરવું અને જાહેરાત કરવી.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** ઓડિટેડ બેલેન્સશીટ આવતા અંકમાં પ્રકાશીત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

|| જીવદયા પરમો ધર્મ ||

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૫-૦૮-૨૦૨૨

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૮/૦૮/૨૦૨૨** રાતના ૮.૩૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર.
૨) ગત મિનિટસનું વાંચન તથા બહાલી.
૩) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક ઓડીટેડ બેલેન્સશીટનું વાંચન અને બહાલી.
૫) આવેલ પત્રનું વાંચન અને પ્રમુખશ્રીની મંજુરીથી ચર્ચા વિચારણા.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** ઓડિટેડ બેલેન્સશીટ આવતા અંકમાં પ્રકાશીત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.


## હિરલ ફાર્મ - બેસ્ટ ફેમિલી ફાર્મ
(૧૦૦% ટેસ્ટી, ફક્ત જૈન ફૂડ )

સંપૂર્ણ પ્રાણવાયુથી ભરપૂર અને પ્રદુષણ મુકત વાતાવરણ...

**ગામ ગ્રુપ**



રાયણ સન્નારી સંગઠન
શ્રી વાંકી વનિતા વૃઁન્દ
શ્રી રામાણીયા સહેલી વૃંદ
શ્રી કોટડા દર્શન ગ્રુપ
શ્રી કાંડાગરા મહિલા મંડળ
ગોધરા ફ્રેન્ડસ સર્કલ
સામખિયારી મહિલા મંડળ
પ્રગતિ મહિલા મંડળ
શ્રી કપાયા મહિલા મંડળ
લાયજા પ્રિયદર્શિની મહિલા મંડળ
દુર્ગાપુર - નવાવાસ મહિલા મંડળ
શ્રી મોટા આસંબિયા મહિલા મંડળ મુલુંડ

**અમારી વિશેષતાઓ :**

* ઓપન સ્પેસ : બર્થડે, ડેસ્ટીનેશન મેરેજ, ગામ, સમાજ ના ફંકશન માટે, ૩૦૦ ચીકુ ના ઝાડ
* ૧૦૦% ક્લોરિન અને કેમિકલ મુક્ત પૂલ (પૂલ પાર્ટી), ટેન્ટ સ્ટે, મડ હાઉસ, ટેલિસ્કોપ,
* અમારી સ્પેશિયલ ઈવેન્ટ સર્વિસ : ફેમિલી ગેમ્સ, સેલ્ફી પોઈન્ટસ, પ્રોપ્સ ફોર ફોટોશૂટ
* વિલેજ થીમ, રેન ડાન્સ, આઉટ ડોર ગેમ્સ, ડજ લાઇટ્ ગરબા વિથ કેમ્પ ફાયર
* (Reviewed by ગુજરાતી, મારવાડી, મરાઠી, તેલુગુ, કન્નડ, સિંધી, મુસ્લિમ વ્હોરા, પારસી, પંજાબી બધા જ સમાજના મુલાકાતીઓ),રિવર વિઝિટ, ફાર્મ વિઝિટ,
* આદિવાસી વિલેજ વિઝિટ : ફૂડ / કપડાં / શિક્ષણ કીટ વિતરણ - તમારા હાથે સીધા આદિવાસી પ્રજાને



* ફેમિલી પિકનિક, ગેટ ટુ ગેધર
* બર્થડે ગ્રાન્ડ સેલિબ્રેશન પાર્ટી * પ્રી વેડિંગ ફોટોશૂટ
* સગાઈ, હલ્દી અને ,એનિવર્સરી, ફેસ્ટિવલ સેલિબ્રેશન
* ગ્રુપ પિકનિક (ગામ, સમાજ, સોસાયટી, કોર્પોરેટ, મહિલા મંડળ, સીનીયર સીટીઝન )
* સોશિયલ એક્ટિવિટી - ડોનેશન કેમ્પ, સ્કૂલ અને ક્લાસ પિકનિક, વર્કશોપ માટે બેસ્ટ સ્થળ



**કોર્પોરેટ ગ્રુપ, સ્કૂલ કેમ્પ, રીયુનિયન**

ફેનકીન રિયલટર
(દિપક ભેદા અને ગીરીશ ભેદા - મોખા - થાણા)
CA ગાલા & ભણસાલી ઈન્વેસ્ટમેન્ટ વિંગ એંડ ગ્લોબલ સેલ્સ
SDILA સ્કૂલ સ્કાઉટ એંડ ગાઈડ કેમ્પ ૨૦૧૯-૨૦
શ્રી માટુંગા બોર્ડિંગ આધ વિદ્યાર્થી ૧૯૯૧-૯૨
શ્રી મૈત્રી નો માંડવો ભાણ બાઈ નેણસી ૧૯૬૯-૭૫
મલાડ એન.એલ.હાઈસ્કૂલ આધ વિદ્યાર્થી ૧૯૯૪-૯૫
જે.બી.ખોત હાઈસ્કૂલ આધ વિદ્યાર્થી ૧૯૭૮
શ્રી કે.બી. વીરા હાયસ્કૂલ ૧૯૮૯-૯૦
શાહ એંડ એંકર કોલેજ ૧૯૯૩
શ્રી માટુંગા બોર્ડિંગ ૧૯૯૧-૯૨
શ્રી માટુંગા બોર્ડિંગ ૧૯૬૯-૭૫
શ્રી એમ.કે. હાયસ્કૂલ ૧૯૮૪



**ધાર્મિક ગ્રુપ**

શ્રી અંધેરી યુથ કનેકટ
શ્રી થાણે જૈનોલોજી ગ્રુપ
શ્રી દીપમ ગૃહ મંદિર
શ્રી થાણે જૈનોલોજી ગ્રુપ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ વરલી ગ્રુપ
શ્રી વાગડ મરોલ પાઠશાળા ગ્રુપ
શ્રી દાદા ભગવાન યૂથ મહાત્મા ગર્લ્સ
શ્રી દાદા ભગવાન યૂથ મહાત્મા બોયસ
શ્રી અંધેરી સામાયિક મંડળ સમતા ગ્રુપ
શ્રી વાગડ અજરામર મહિલા મંડળ બોરીવલી

**સોસાયટી, કિટી અને અન્ય ગ્રુપ**

શ્રી સંતાક્રુઝ ક.વિ.ઓ.જૈન મહાજન લેડીસ વિંગ
શિવમ નારી સંગમ (સાયન, વડાલા, માટુંગા)
શ્રી સુથાર સમાજ અનોખી મહિલા મંડળ
શ્રી વાગડ સમાજ બોરીવલી મહિલા મંડળ
મલાડ કચ્છી જૈન સેવા સમાજ
થાણે સીનિયર સિટીઝન ગ્રુપ
વડીલ છાંયડો - મીરા રોડ
કુર્લા સહેલી મંડળ
ઘાસવાલા બિલ્ડિંગ ફ્રેન્ડસ - અંધેરી
મુલુંડ ગાર્ડન યોગા ગ્રુપ
ઉંબરગાવ મહિલા કીટી મંડળ
શ્રી કાંદીવાલી ગોપી મંડળ
CB કિટ્ટી ગ્રુપ
જી. બી. સોસાયટી બોરીવલી
સોની ટાવર ફ્રેન્ડસ બોરીવલી
સિલ્વર પાર્ક લેડીસ ગ્રુપ
ગોકુલ હાઈટ સોસાયટી કાંદીવલી
શ્રી મુલુંડ યોગા શેરડી ગ્રુપ
બોરીવલી સોની ટાવર મહિલા મંડળ
બોરીવલી એસ.ટી. જૈન સોશિયલ ગ્રુપ
શ્રી ગોરેગાંવ મહિલા સમાજ
બોરીવલી રોયલ કોમ્પ્લેક્સ મહિલા મંડળ
શ્રી આરાધ્યા મહિલા વૃંદ - ઠાણે
શ્રી ઠાણે પટેલ મહિલા મંડળ
શ્રી કોલડોંગરી મહિલા મંડળ

★ નોન જૈન ફૂડ અને હાર્ડ ડ્રિન્કસ પર પ્રતિબંધ છે.
★ એ.સી. રૂમ ઉપલબ્ધ છે.

વધુ વિગત માટે સંપર્ક : વિનોદભાઈ નંદુ
(બોરીવલી - મોટી ખાખર) - 9322299464

Shilp શ્રી - 9819656510

## વતનના વર્તમાન
સંકલન : કેસરસિંહ ખોના

### કચ્છ મ્યુઝિયમની રંગોળીને દ્વિતીય પુરસ્કાર

રાજ્યના સહુથી જૂના મ્યુઝિયમ ભુજના કચ્છ સંગ્રહાલયે આઝાદીના અમૃતવર્ષ પ્રસંગે કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય રંગોળી સ્પર્ધામાં બીજું સ્થાન અંકે કરવામાં સફળ સિદ્ધ થઈ હતી.

સદર રંગોળી મ્યુઝિયમના ક્યુરેટર ડૉ. શેફાલીકા અવસ્થીના માર્ગદર્શન હેઠળ સંગ્રહાલયના કર્મચારી રીટા ભાવિક ગડાને સર્જેલી રાષ્ટ્રીય સંસ્કૃતિ, એકતા અને દેશના પ્રાકૃતિક સૌંદર્યને વણી લેતી રંગોળી દ્વિતીય પારિતોષીક વિજેતા નીવડી છે.

### ૪૩૦થી વધુ ગામોમાં લમ્પી રોગ ફલાયો

ગૌવંશમાં થતા લમ્પી રોગથી લગભગ ૪૩૦ ગામોમાં ગૌવંશીય ચોપા સપડાઈ ગયા હોવાના હેવાલ છે. રોગ સામે પ્રતિકાર માટે લગભગ એક લાખ ચોપાઓને રસી આપવામાં આવી છે. લમ્પી એક પ્રકારનો ચર્મરોગ છે.

### અબડાસામાં વાવણી-મગફળીની પોષ વધુ

અબડાસામાં સારા વરસાદ પછી ઉઘાડ નીકળતા વતર આવતા પોખ શરૂ થઈ છે. પ્રથમ વરસાદ ઉત્સાહ વર્ધક રહેતાં મગફળી તરફ ધ્યાન વધુ રહ્યું છે. તાલુકાના તેરા, નલિયા, જખૌ વગેરે વિસ્તારોમાં મગફળીનું ૧૨૦ ટન જેટલા બિયારણની આવકનો અંદાજ છે. વાવેતર મુખ્યત્વે ટ્રેક્ટર ભાડે રાખવામાં આવે છે જેનો ભાવ દર કલાકે રૂા. ૮૦૦/- છે.

### વરસાદમાં નુકસાન પામેલા ૧૨ રસ્તાનું રીપેરીંગ

